# ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## અતિભારે વરસાદના લીધે ચારધામની યાત્રા રોકી દેવાઈ : હજારો શ્રદ્ધાળુ અટવાયા





રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલમાં ભારે વરસાદ

નવીદિલ્હી,તા. ૧૧

ઉત્તર ભારતમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા છે જેથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પારો ઉલ્લેખનીયરીતે ઘટી ગયો છે. સતત બીજા દિવસે ભારે વરસાદના પરિણામ સ્વરુપે રાષ્ટ્રીય પાટનગરમાં જળબંબાકારની સ્થિતિ રહી હતી. રસ્તાઓ ઉપર પાણી ભરાઈ ગયા હતા. લોકો કલાકો સુધી જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા હતા. આની સાથે જ સમસ્યાને હાથ ધરવાની સિવિક બોડીની નબળાઈ સપાટી ઉપર આવી ગઈ હતી. છેલ્લા ત્રણ દિવસના ગાળામાં દિલ્હીમાં સારો એવો વરસાદ થઈ ચુક્યો છે. આગામી થોડાક દિવસ સુધી ભારે વરસાદ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ દેશના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનના જુદા જુદા ભાગો, ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ થયો છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદ થયો છે જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામની યાત્રાને રોકી દેવાની ફરજ પડી છે. નૈનીતાલમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. નૈનીતાલને ટ્યુરિસ્ટ સ્પોટ તરીકે ગણવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસથી અહીં ભારે વરસાદ થઈ રહ્યો છે. જાનમાલના નુકસાનના હજુ સુધી કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ છેલ્લા બે દિવસથી ભારે વરસાદના કારણે તમામ સ્કૂલ અને શૈક્ષણિક સંસ્થાઓને પિથોરાગઢમાં બંધ કરવાની ફરજ પડી છે. બદ્રીનાથ તરફ દોરી જતાં માર્ગ ઉપર ભારે વરસાદ થતાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. સેકડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. આ શ્રદ્ધાળુઓને યોગ્ય સ્થળ ઉપર મોકલવામાં આવ્યા છે. ગંગોત્રી હાઈવે ઉપર નાલુપાનીમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. કેદારનાથ યાત્રાને પણ રોકવામાં આવી છે. બદ્રીનાથ હાઈવે ઉપર બંધની સ્થિતિ સર્જાઈ છે. શ્રીનગરમાં ભારે વરસાદ પડ્યો છે જેથી બીએસએનએલની ફોન લાઈનો ઠપ થઈ ગઈ છે. ઉત્તર કાશીમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે જેથી ભાગીરથી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પૂર્વીય મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ અને કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ થયો છે. દિલ્હીમાં ટ્રાફિક જામની સ્થિતિ આજે જોવા મળી હતી. ઉત્તરપ્રદેશમાં નોઈડામાં પણ ભારે વરસાત થતાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. ભારે વરસાદના લીધે હિમાચલમાં પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. રવિ, વ્યાસ, સતલજ નદીમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે વધી ગઈ છે. ચંબા અને કુલ્લુમાં ભારે વરસાદ થતાં રસ્તાઓ ઉપર પાણી ભરાઈ ગયા છે.

ઉત્તરાખંડમાં ચારધામની યાત્રા રોકવામાં આવી છે. ઉત્તરકાશી-ગંગોત્રી માર્ગ નજીક વિશાળ ભેખડો ધસી પડી છે. ગયા મહિને પણ ચારધામની યાત્રા રોકી દેવામાં આવી હતી. બીજી બાજુ રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ થયો છે. જોધપુર, જેસલમેર, બાડમેર, ચુરુમાં વરસાદ થયો છે. મોનસુન પ્રવાહ યથાવતરીતે આગળ વધે તેવી શક્યતા છે. પંજાબ અને હરિયાણામાં પણ ભારે વરસાદ થયો છે. ઓરિસ્સા, કર્ણાટકમાં પણ ભારે વરસાદ નોંધાયો છે.

## ૧૦ લાખ ગ્રાહકો એલપીજી સબસિડીને ફગાવી ચુક્યા છે

ચેન્નાઈ,તા. ૧૧

કુલ ૧૦ લાખ ગ્રાહકો એલપીજી સબસિડીને સરેન્ડર કરી ચુક્યા છે. તેમની એલપીજી સબસિડી સરેન્ડર કરવામાં આવ્યા બાદ અન્ય લોકોને આનો લાભ મળે તેવી શક્યતા છે. જનકલ્યાણ ખર્ચ પર કાબુ મુકવાના હેતુથી ઓડિયો-વિઝુઅલ ઝુંબેશ ચલાવવામા આવી હતી. જેનો સીધો લાભ થઈ ગયો છે. જાહેર ક્ષેત્રની ત્રણ કંપનીઓ આશરે ૧૦ લાખ ગ્રાહકોને તેમની એલપીજી સબસિડી સરેન્ડર કરવા માટે સમજાવી લેવામાં સફળ રહી છે. જાહેર ક્ષેત્રની ત્રણ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ સાથે ૧૫.૩ કરોડ ગ્રાહકો જોડાયેલા છે. આ ત્રણ કંપનીઓ દરેક ગ્રાહકને દર વર્ષે આપવામાં આવતા ૧૨ એલપીજી સિલિન્ડર પર ૪૦૦૦૦ કરોડ રૂપિયાનો કુલ સબસિડી ખર્ચ કરવો પડે છે. કલ્યાણ ખર્ચમાં બ્રેક મુકવા માટે આ હિલચાલ હાથ ધરવામાં આવી હતી. વિઝુઅલ મિડિયા મારફતે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ઈન્ટરેક્ટિવ વોઈસ રિસ્પોન્સ મારફતે લોકો સુધી પહોંચવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. ઓઈલ કંપનીઓને આશા છે કે તેમની ગેસ સબસિડી છોડવા માટે તેઓ એક કરોડ લોકોને સમજાવી લેવામાં સફળતા મેળવી લેશે.ઉત્તરપ્રદેશ કુલ ૨.૦૯ લાખ ગ્રાહકો એવા છે જે સબસિડી છોડી ચુક્યા છે. ઉત્તરપ્રદેશમાંથી સૌથી વધુ સંખ્યામાં ગ્રાહકો સબસિડી છોડી ચુક્યા છે. ઉત્તરપ્રદેશ બાદ મહારાષ્ટ્ર બીજા ક્રમાંકે છે. તમામ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ સૌથી વધારે વસ્તી ધરાવે છે. નોઈડા જેવા ઔદ્યોગિક વિસ્તારમાંથી સૌથી વધુ સંખ્યામાં એલપીજી સબસિડી ગ્રાહકો છોડી ચુક્યા છે. દક્ષિણી રાજ્યોમાં ૨.૧૬ લાખ ગ્રાહકો તેમની સબસિડી સરેન્ડર કરી ચુક્યા છે. કર્માટકમાં ૭૮૩૦૭ ગ્રાહકો તેમની સબસિડી સરેન્ડર કરી ચુક્યા છે. જ્યારે તમિળનાડુમાં ૬૭૦૯૬ ગ્રાહકો તેમની સબસિડી સરેન્ડર કરી ચુક્યા છે.

### તાપી ગેસપાઇપલાઇન યોજનાનો વહેલી તકે અમલી કરવા પર ભાર

## ભારત-તુર્કમેનિસ્તાનની વચ્ચે સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર

નવીદિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તુર્કમેનિસ્તાનના પ્રમુખ ગુરબાંગૂલી બર્દીમુખમ્મદોવ સાથે શિખર વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન બાદ સંયુક્ત નિવેદન પણ જારી કર્યું હતું જેમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. અસગાબાતમાં ઓઝુખાન રાજમહેલ ખાતે વાત કરતા મોદીએ તુર્કમેનિસ્તાનની યાત્રા કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે, આગામી વર્ષોમાં બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. મોદીનું અહીં શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદી કહ્યું હતું કે, બંને દેશોના લોકો એક બીજા સાથે નૈતિક સંબંધો ઈચ્છે છે. મધ્ય એશિયા સાથે ભારતના સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે. તુર્કમેનિસ્તાનની ભૂમિકા પણ હવે મહત્વપૂર્ણ રહેશે. મોદીએ વધુમાં કહ્યું હતું કે, દક્ષિણ અને મધ્ય એશિયાને એક સાથે જોડીને નવી આર્થિક તકો ઉભી કરવામાં આવશે. દરમિયાન મોદીએ પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે,



આતંકવાદ સામે બંને દેશો સાથે મળીને લડવા માટે કટિબદ્ધ છે. ભારત અને તુર્કમેનિસ્તાને રમત ગમત અને પ્રવાસ સહિત જુદા જુદા ક્ષેત્રોમાં સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. પ્રતિનિધિસ્તરની મંત્રણા બાદ બંને દેશો વચ્ચે સહકારને વધારવા માટે સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે માહિતી આપતા કહ્યું હતું કે, સંરક્ષણ, કેમિકલ પ્રોડક્ટના પુરવઠા, વિદેશી બાબતો, રમતગમત, વિજ્ઞાન અને ટેકનોલોજી, મેડિસીન, ટ્યુરિઝમ જેવા ક્ષેત્રોમાં સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તુર્કમેનિસ્તાનના પ્રમુખ વચ્ચે વાતચીતની સાથે સાથે પ્રતિનિધિસ્તરની મંત્રણા પણ યોજાઈ હતી. તુર્કમેનિસ્તાન ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરીડોર તરીકે બનશે તેવો દાવો મોદીએ કર્યો હતો. મોદી હાલમાં વિદેશ પ્રવાસના ભાગરુપે તુર્કમેનિસ્તાન પહોંચ્યા છે. દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા તથા આતંકવાદ સામે લડવાના પાસા ઉપર વિશેષ ચર્ચા કરાઈ હતી. અશગાબાતમાં શિખર વાતચીત યોજાઈ હતી. વાતચીત દરમિયાન ૧૦ અબજ ડોલરની કિંમતની તાપી ગેસ પાઈપલાઈન યોજનાને વહેલીતકે અમલી કરવાની સાથે સાથે આતંકવાદ સામે લડવાની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. મધ્ય એશિયાના પાંચ દેશો અને રશિયાની યાત્રાના ભાગરુપે મોદી તુર્કમેનિસ્તાન પહોંચ્યા હતા. માદક દ્રવ્યોની હેરાફેરીના મુદ્દા ઉપર પણ વાતચીત થઈ હતી. સ્થિર અફઘાનિસ્તાનના મુદ્દા ઉપર પણ વાતચીત થઈ હતી. ક્ષેત્ર માટે આતંકવાદને એક મોટા ખતરા તરીકે રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, શાંતિપૂર્ણ અને સ્થિર અફઘાનિસ્તાન ખુબ જ મહત્વપૂર્ણ છે. ઈરાનથી થઈને જતી ગેસ પાઈપલાઈ માટે જમીન અને સમુદ્રી માર્ગોની શક્યતાઓના જુદા જુદા વિકલ્પ ચકાસવામાં આવે તે જરૂરી છે. વડાપ્રધાને બંને દેશોના સંબંધોમાં સંપર્ક વધારવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. વડાપ્રધાને કઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન રેલવે સંપર્કની સાથે સાથે ભારત તરફથી ચાર બહાર બંદરમાં રોકાણની દરખાસ્ત પણ મુકી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, પેટ્રોકેમિકલ્સ અને ખાતરો સહિત મહત્વપૂર્ણ ઉદ્યોગોમાં ભારતમાં મૂડીરોકાણના સંદર્ભમાં મહત્વપૂર્ણ ચર્ચા થઈ છે. આ સમજૂતિ પર હસ્તાક્ષર બાદ ભારતને અહીંથી લાંબાગાળે ખાતરોના પુરવઠાની વ્યવસ્થા થઈ શકશે. તુર્કમેનિસ્તાનમાં યોગ કેન્દ્ર પણ ખોલવામાં આવશે. શાંતિ અને સ્થિરતાના મુદ્દા પર વિશેષ ચર્ચા થઈ હતી.

## ટ્રેનમાં પ્રવાસી ફરિયાદ કરી શકશે : ફોન પર પુછપરછ

નવી દિલ્હી,તા. ૧૧

યાત્રી ટ્રેનોમાં ચોરી અને અન્ય વિવિધ પ્રકારની ઘટનામાં હાલના સમયમાં વધારો થયા બાદ ભારતીય રેલેવે દ્વારા આની નોંધ લેવામાં આવી છે. જેના ભાગરૂપે રેલવે દ્વારા હવે નવા આદેશ જારી કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે હવે યાત્રી ટ્રેનમાં જ ફરિયાદ દાખલ કરાવી શકશે. જ્યારે ફોન પર પોલીસ પુછપરછ કરી લેશે. ટ્રેનમાં રહેલા ટીટી, કોચ એટેન્ડર, ટ્રેન ગાર્ડ, જીઆરપી કર્મચારી, આરપીએફ જવાન સમક્ષ એફઆઈઆર દાખલ કરાવી શકાશે. રેલવેના આદેશ બાદ ટ્રેનમાં રહેલા તમામ કર્મચારીઓને યાત્રી ફરિયાદ ફોર્મ રાખવાની કડક સુચના આપવામાં આવી છે. આ તમામ ફોર્મ હિન્દીમાં રહેશે. ગ્રેઝી ભાષામાં પણ ફોર્મ ઉપલબ્ધ રહેશે. ફોર્મ રેલવે સ્ટેશન ઈન્ચાર્જની પાસે પણ મળી શકશે. જુદા જુદા વર્ષ દરમિયાન રેલવેમાં ગુનાના પ્રમાણમાં વધારો થયો છે. ટ્રેનમાં વધતી ઘટનાને કાબુમાં લેવા અને યાત્રીઓની દહેશતને દુર કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૩માં ટ્રેનમાં ૬૨૫૮ ઘટના બની હતી. જેની સામે વર્ષ ૨૦૧૪માં સંખ્યા વધીને ૭૬૦૬ સુધી પહોંચી ગઈ છે. ટ્રેનમાં થયેલી ચોરી અને અન્ય મામલે હવે યાત્રીને ફરિયાદ કરવા માટે યાત્રા વચ્ચે રોકવાની જરૂર પડશે નહી.ટ્રેનમાં રહેલા ટીટી, ગાર્ડ અથવા તો સ્ટાફના કોઈ પણ સભ્ય સમક્ષ કરી શકાશે. ટ્રેનમાં રહેલા કર્મચારીઓ યાત્રીની ફરિયાદને પોતે નોંધીને નજીકના જીઆરપી સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરાવશે.

## પુરૂષો ઓનલાઈન શોપિંગમાં મહિલા કરતા આગળ : રિપોર્ટ

મુંબઈ,તા. ૧૧

તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, પુરુષો ઓનલાઈન ખરીદીના મામલામાં મહિલાઓ કરતા આગળ નીકળી ચુક્યા છે. ખરીદીના મામલામાં મહિલાઓ હંમેશા આગળ રહે છે તેવી ધારણા નવા અભ્યાસથી ખોટી પુરવાર થઈ છે. ઈ-કોમર્સ સાઈટ ઉપર દર મહિને સમય ગાળનારમાં મહિલાઓ કરતા પુરુષો આગળ રહ્યા છે. ભારતમાં સરેરાશ પુરુષો મહિલાઓ કરતા આગળ નિકળી ચુક્યા છે. અમેરિક, બ્રિટન જેવા વિકસિત દેશોમાં આ પ્રવાહ ઝડપથી બદલાઈ રહ્યો છે જ્યાં મહિલા સ્માર્ટ ફોન ઉપર શોપિંગ કરવાના મામલામાં પુરુષો કરતા આગળ રહી છે. સોશિયલ નેટવર્કિંગ




સાઈટ, ચેટિંગ જેવી ટેવ ધરાવનાર મહિલાઓ પુરુષો કરતા વધારે સક્રિય રહી છે. સ્માર્ટ ફોનનો ઉપયોગ દિન પ્રતિદિન વધી રહ્યો છે. નેલ્સન ઈન્ફર્મેશનમાં સૂચન કરવામાં આવ્યું છે કે, મહિલાઓ તેમના સ્માર્ટ ફોન ઉપર પુરુષોની જેમ જ સક્રિય રહે છે પરંતુ પસંદગીની બાબત જુદી જુદી દેખાી આવે છે. દક્ષિણ કોરિયા, અમેરિકા, ઈટાલી, બ્રિટન, ભારત, મલેશિયા, જાપાન, ઈન્ડોનેશિયા, કતાર અને થાઈલેન્ડ જેવા દેશોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ સ્માર્ટ વિગત સપાટી ઉપર આવી છે. શોપિંગ એપ ઉપર સમય ગાળનાર દરરોજની સરેરાશના આધાર પર આ તારણો જારી કરવામાં આવ્યા છે. સ્માર્ટ ફોનની બોલબાલા વધી રહી છે ત્યારે સ્માર્ટ ફોન હવે મહિલાઓ માટે બેસ્ટ ફ્રેન્ડ તરીકે પુરવાર થાય છે જેમાં તેની લાઈફ મેનેજ કરવા માટે જુદા જુદા એપ્સ રહે છે. વિશ્વ સાથે જોડાઈ રહેવાની બાબત પણ મદદરુપ બને છે. જ્યાં સુધી ઉભરતા માર્કેટોમાં મોબાઈલ શોપિંગની વાત છે પુરુષો પણ પાછળ રહ્યા નથી. મોબાઈલ પેમેન્ટ અને અન્ય રીતે મોબાઈલનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે.

## જમીન બિલ મોનસુન સત્રમાં રજૂ નહી કરાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૧

ભારે ચર્ચા અને વિવાદ જગાવનાર જમીન બિલ પર સર્વસંમતિ સધાય તેવી શક્યતા ઓછી છે ત્યારે જમીન બિલ સંસદના મોનસુન સત્રમાં રજૂ કરાય તેવી સંભાવના હવે દેખાતી નથી. આવી સ્થિતીમાં જમીન બિલના મામલે તપાસ કરી રહેલી સંસદની સંયુક્ત સમિતી ગૃહને તેના અહેવાલ સોંપવા માટે વધારે સમયની માંગ કરી શકે છે. સંસદનુ મોનસુન સત્ર ૨૧મી જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. જે ભારે તોફાની બને તેવા સંકેત છે. કારણ કે લલિત ગેટ, વ્યાપમ કોંભાડ અને હવે જમીન બિલ



સહિતના મુદ્દા પર સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ તૈયાર છે. પેનલના મોટા ભાગના સભ્યોએ તેનો અહેવાલ રજૂ કરવા માટે મહેતલને લંબાવી દેવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. ભાજપના સભ્ય એસ. આહલુવાલિયાના નેતૃત્વમાં સમિતીએ મહતેલને ૨૧મી જુલાઈથી વધારીને ૨૮મી જુલાઈ કરવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. જેના માટે હવે સંસદની હવે મંજૂરી માંગવામાં આવનાર છે. મોનસુન સત્ર પહેલા તમામ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું છે કે સંયુક્ત સમિતીને વધુ એક્સટેન્શન આપવાની વાત સ્વીકારી લેવામાં આવે તેવી શક્યતા છે. સરકારે સંસદના સંયુક્ત સત્રની બેઠક બોલાવવા માટેની હાલમાં કોઈ તૈયારી બતાવી નથી. પેનલમાં હજુ સુધી સંમતિ દેખાતી નથી. સરકારમાં સુત્રો માને છે કે વિરોધ પક્ષ કોંગ્રેસ જમીન બિલને લઈને ઝુંકવા માટે બિલકુલ તૈયાર નથી. જો સરકાર કોંગ્રેસની કેટલીક માંગ સ્વીકારી લેશે તો પણ કોંગ્રેસ ઝુંકશે નહી. પેનલ હજુ વધારે સમય માંગે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોનસુન સત્ર ભારે તોફાની બને તેવા સંકેત પહેલાથી છે. કારણ કે ખુબ જટિલ મુદ્દા રહેલા છે.

## સ્માર્ટ મિલિટરી સ્ટેશનો વિકસિત કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સ્માર્ટ સિટી પ્રોજેક્ટની જેમ જ હવે ભારતીય સેના તેના પોતાના સ્માર્ટ સ્ટેશન વિકસિત કરવાની યોજના ધરાવે છે. લશ્કરી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ચીફ ઓફ સ્ટાફ કમિટી દ્વારા સ્માર્ટ આર્મ્ડ ફોર્સ સ્ટેશન વિકસિત કરવાની દરખાસ્ત પર વાતચીત ચાલી રહી છે. ટુંક સમયમાં જ એક વિધિવત દરખાસ્ત સરકારને આ અંગે સુપ્રત કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં સ્માર્ટ સ્ટેશનમાં છ લશ્કરી સ્ટેશન સ્થાપિત કરવામાં આવનાર છે. સ્માર્ટ સિટીની જેમ આ સ્ટેશન બનાવવામાં આવનાર છે. કેન્દ્રિય કેબિનેટે હાલમાં ૧૦૦ સ્માર્ટ સિટી વિકસિત કરવા માટે મોદી સરકારની ફ્લેગશીપ સ્કીમને મંજૂરી આપી હતી. સુત્રોએ કહ્યું હતું કે લશ્કરી લીડરશીપ છ લશ્કરી સ્ટેશનને એસએએફમાં ફેરવી દેવામાં આવનાર છે. જે પૈકી ત્રણ આર્મી સ્ટેશન તરીકે રહેશે. બે એર ફોર્સ અને એક નેવીના સ્ટેશન તરીકે રહેશે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે લશ્કરી દરખાસ્તમાં સિવિલિયન શહેરો કરતા સસ્તા તેમને બનાવવા માટે સુચન સ્વીકારવામાં આવનાર છે.અત્રે નોંધનીય છે કે લશ્કરી દરખાસ્તમાં કેટલીક નવી બાબતો રહેશે. શહેર પડકાર સ્પર્ધા મારફતે દરેક શહેરમાંથી નવી ગણતરી કરવામાં આવનાર છે. લશ્કરી સ્ટેશન ખાતે સામાન્ય રીતે વધારે સારી ઈન્ફ્રાસ્ટકચરની સુવિધા રહી શકે છે. સેના માટે કેટલીક સ્કીમ નવી આવી શકે છે.

### વિશ્વ વસતી દિવસની પરંપરાગત ઉજવણી

## દેશભરમાં વસતીનો આંક ૧૨૭૪૨૩૪૫૩૮ થયો

નવી દિલ્હી,તા. ૧૧

વિશ્વ વસતી દિવસના પ્રસંગે ભારતીયોની સંખ્યા હવે ૧૨૭૪૨૩૪૫૩૮ થઈ ગઈ છે. સામાજિક, આર્થિક આંકડાકીય સંસ્થા પાસે ઉપલબ્ધ આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. વૈશ્વિક વસતીની સરખામણીમાં ભારતની ટકાવારી ૧૭.૨૩ ટકાની આસપાસની નોંધાઈ છે. ૨૦૨૮ સુધી ભારત વસતીના મામલામાં ચીનને પાછળ છોડી દે તેવી શક્યતા દેખાઈ રહી છે. સત્તાવાર અંદાજ મુજબ હાલમાં સૌથી વધારે વસતી ધરાવનાર ચીનને ભારત પાછળ છોડી દેવાની સ્થિતિમાં છે પરંતુ સરકારનું કહેવું છે કે, દેશમાં વસતી વધારાનો દર




ઉલ્લેખનીયરીતે ઘટી ગયો છે. ૧૯૯૧-૨૦૦૦ના દશક માટે ૨૧.૫૪ ટકાથી વસતી વધારાનો દર ઘટીને ૨૦૦૧-૨૦૧૧ દરમિયાન ૧૭.૬૪ ટકા થઈ ગયો છે. ૩૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પૈકી ૨૪ રાજ્યો વસતી સ્થિરતાના આંકડા સુધી પહોંચી ગયા છે. આરોગ્યપ્રધાન જેપી નડ્ડાએ સંયુક્ત રાષ્ટ્ર પ્રાયોગિક વૈશ્વિક વસતી દિવસની ઉજવણી સાથે સંબંધિત કાર્યક્રમમાં કહ્યું હતું કે, મિશન મોડ વ્યૂહરચના તૈયાર કરી લેવામાં આવી છે. કેટલાક રાજ્યોમાં વસતીને સ્થિર કરવાના પ્રયાસ થિ રહ્યા છે. વસતી વિસ્ફોટની સ્થિતિ હવે જોવા મળી રહી નથી. ડેવલપમેન્ટ પાર્ટનરો અને એનજીઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. એકલા મળીને આ ઉદ્દેશ્યને હાસલ કરી શકાય તેમ નથી. ૧૯૫૨માં વસતી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. હકારાત્મક પરિણામો મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૧૧ જુલાઈએ મનાવવામાં આવે છે. વિશ્વમાં વસ્તીવધારાની સમસ્યા પ્રત્યે લોકજાગૃત્તિ આવે તે માટે ઉજવણીના ભાગરુપે વિશ્વ વસતી દિવસ મનાવવામાં આવે છે. આ ઉજાણવી શરૂઆત સંયુક્ત રાષ્ટ્રસંઘના સંયુક્તરાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની સંચાલન પરિષદ દ્વારા ૧૯૮૯માં કરવામાં આવી હતી. વિશ્વ વસ્તી દિન નિમિત્તે એક બાળક સામે આવનારી સમસ્યાઓ, પડકારો અને તેના ઉકેલ જાણવા પર એક પ્રયાસ કરવામાં આવે છે. ભારતની વસ્તીગણતરીનો હંગામી અહેવાલ સેન્સસ-૨૦૧૧ જારી કરવામાં આવ્યો હતો. સ્ત્રી-પુરુષોનો અનુપાત નવા સેન્સસ રિપોર્ટ પ્રમાણે ચિતાં ઉપજાવે તેવો છે. સૌથી વધુ વસતી ધરાવતા રાજયનો દરજ્જો આજે પણ ઉત્તરપ્રદેશે જાળવી રાખ્યો છે.

ભારતમાં આજે પણ ૭૨.૦૨ ટકા વસતી ૬.૩૮ લાખ શહેરોમાં વસે છે. જ્યારે ૨૭.૦૮ ટકા વસતી ૫૪૮૦ શહેરોમાં વહેંચાયેલી છે.